અપીલ અરજી નં.૩૮૧ તા.૫–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – ડો.રાજેન્દ્ર હિરાલાલ કોન્ટ્રાકટર
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ ડો.રાજેન્દ્ર હિરાલાલ કોન્ટ્રાકટરની તા.૧૨–૧–૧૧ની અરજીથી મોજે ડુંભાલનાં સર્વે નં.૧૦, બ્લોક નં.૧૧ તથા સર્વે નં.૧૨/૧, બ્લોક નં.૧૭ માં થયેલ બાંધકામનાં નકશા અને લે–આઉટ પ્લાન તેમજ તેને લગતાં તમામ કાગળોની સહી સિકકાવાળી નકલો તેમજ તેમાં રજુ થયેલ યુ.એલ.સી. ૨૧(૧) ની સ્કીમ તેમજ તેને લગતા તમામ કાગળોની સહી સિકકાવાળી નકલો આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૫–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૧/૨૦૧૦–૧૧.

ડો.રાજેન્દ્ર હિરાલાલ કોન્ટ્રાકટરની તા.૧૨–૧–૧૧ની અરજીથી મોજે ડુંભાલનાં સર્વે નં.૧૦, બ્લોક નં.૧૧ તથા સર્વે નં.૧૨/૧, બ્લોક નં.૧૭ માં થયેલ બાંધકામનાં નકશા અને લે–આઉટ પ્લાન તેમજ તેને લગતાં તમામ કાગળોની સહી સિકકવાળી નકલો તેમજ તેમાં રજુ થયેલ યુ.એલ.સી. ૨૧(૧) ની સ્કીમ તેમજ તેને લગતા તમામ કાગળોની સહી સિકકાવાળી નકલો આપવા બાબતે ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીડીઓ/૪૬૩૩ તા.૨–૨–૧૧ તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૯૫૭ તા.૧૭–૨–૧૧ થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે દફતરના નાશ નિકાલની વિગતો અગર બાંધકામ રજીસ્ટરમાં કોઈ આવી નોંધ છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા કરવા તથા જો બાબત હેઠળની મિલ્કતને મનપા તરફથી કોઈ આવશ્યક માળખાગત સુવિધા ઉપલબ્ધ કરેલ હોય તો તેના આનુષાંગિક દફતરે કોઈ સંદર્ભ ઉપલબ્ધ છે કે કેમ? તે પણ જણાવવા પત્ર નં. આરટીઆઈ સેલ/ ૧૪૧૬તા.૧૫–૩–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૪૫૧ તા.૩૦–૩–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૪૪ તા.૧૩–૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, તથા સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૩૯ તા.૧૩–૧–૧૧ થી શહેર વિકાસને અરજી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મેહકમ/૩૯૫૭ તા.૧૭–૨–૧૧ ના પત્રની નકલ, ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૨–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી ટાઉન પ્લાનર સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૧૪૩૯ તા.૧૩–૧–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને અરજી તબદીલ કરવામાં આવેલ. જયારે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૪૪૪ તા.૧૩–૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને અનુક્રમે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/ ૪૬૩૩ તા.૨–૨–૧૧ થી "મોજે ડુંભાલ સ.નં.૧૦, બ્લોક નં.૧૧ તથા સ.નં.૧૨/૧, બ્લોક નં.૧૭ માં થયેલ બાંધકામના નકશા અને લે આઉટ પ્લાન તેમજ તેને લગતા તમામ કાગળોની સહી સિકકાવાળી નકલો તેમજ તેમાં રજૂ થયેલ યુ.એલ.સી. ૨૧(૧) ની સ્કીમ તેમજ તેને લગતા તમામ કાગળોની સહી સિકકાવાળી નકલોની માંગણી કરેલ છે. જે અન્વયે જણાવવાનું કે સદર મિલ્કત સંદર્ભે આવી કોઈ માહિતી મધ્યસ્થ શહેર વિકાસ ખાતે ઉપલબ્ધ ન હોય તેઓની માંગણી મુજબની માહિતી/નકલો આપી શકાય તેમ નથી. " તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૯૫૭ તા.૧૭–૨–૧૧ થી " લીંબાયતઝોનના શહેર વિકાસ વિભાગમાં રેકર્ડની ઘનિષ્ઠ તપાસ કરવા છતાં મોજે ડુંભાલ , સર્વે નં.૧૦ , બ્લોક નં.૧૧ તથા સર્વે નં.૧૨/૧ બ્લોક નં.૧૭ ની મંજુર ફાઈલનો રેકર્ડ ઉપલબ્ધ થયેલ નથી. જેથી હાલ માહિતી આપી શકાતી નથી. રેકર્ડ ઉપલબ્ધ થયેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય." તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસના તા.૨–૨–૧૧ અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના તા.૧૭–૨–૧૧ ના રોજના નિર્ણયથી નારાજ થઈ તા.૫–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલમાં (૧) સદર જમીનમાં બાંધકામ પ્લાન મંજુર થયા છે? તેનો જવાબ

આપ્યો નથી. (૨) બાંધકામ પ્લાન મંજુર થયા હોય અને રજાચિઠ્ઠી આપવામાં આવી હય તો તેના રજીસ્ટરમાં થયેલ એન્ટ્રીની ઝેરોક્ષ નકલ આપવામાં આવી નથી.(૩) ઉપર્યુકત રે.સ.નં ની માહિતી ઉપલબ્ધ ન હોય, આપશ્રીની માંગણી મુજબની માહિતી આપી શકાય નહીં એમ જણાવી અરજીની સંતોષકારક પૂર્તતા કરેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી રેકર્ડના નિકાલ કે નાશ અંગેની વિગતો પૂરી પાડવાની રહે. અગર બાંધકામ રજીસ્ટરની વિગતે દફતરી ઉપલબ્ધ હકીકત ચકાસી જણાવવી રહે. આજ મિલ્કત અંગે જો મનપાની પ્રાથમિક સુવિધા પૂરી પડાયેલ હોય તો તેવી કોઈ દફતરે વિગતો હોય તો ચકાસી દફતરી ઉપલબ્ધ માહિતી જણાવી શકાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ મંજુર પ્લાન રજીસ્ટરનો રેકર્ડ ચકાસી તે અંગેની વિગતો જરૂર જણાયે બાબતને સ્પર્શતા દફતરની તપાસણી પૂરી પાડી તે પૈકી અરજદારે માંગેલ માહિતી મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં દફતરી હકીકત અનુસાર અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૧૫ માં પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે.

જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી રેકર્ડના નાશ કે નિકાલ અંગેની વિગતો અન્યથા ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે બાંધકામ રજીસ્ટર પૈકી અથવા બાબત હેઠળની મિલ્કતને કોઈ પ્રાથમિક સુવિધા અપાયેલ હોય અને તેમાં માંગેલ માહિતી પૈકીના કોઈ સંદર્ભ હોય તો ચકાસી અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં દફતરી ઉપલબ્ધ હકીકત અનુસાર આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૧૫ માં પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી,સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) ડો. રાજેન્દ્ર હિરાલાલ કોન્ટ્રાકટર,